downloaded from:prashantgavaniya.blogspot.in



# કોઈ ન કરી શકે

– ગિજુભાઈ બધેકા

બાદશાહ કહે : ‘‘હેં બિરબલ ! બીજા કોઈથી થાય નહીં એવું કામ કોણ કરી શકે ?’’

બિરબલ કહે : ‘‘સાહેબ ! નાનાં છોકરાં.’’

બાદશાહ કહે : ‘‘ઠીક ગપ્પો લગાવ્યો !’’

બિરબલ કહે : ‘‘ત્યારે જોજો કોઈ વાર !’’

બાદશાહ કહે : ‘‘ઠીક ત્યારે.’’

બાદશાહ તોબિરબલની સાથે થયેલી વાત ભૂલી ગયા.

એક દિવસ બિરબલ તો શેરીમાં ગયો. જઈને કહે : ‘‘એલાં છોકરાંઓ ! આહીં આવો.’’

ત્યાં તો છોકરાંની ટોળી આવીને ઊભી રહી.

‘‘એલાં, એક કામ કરશો ?’’

‘‘હા, હા જે કહો તે કરીએ.’’

‘‘જાઓ ત્યારે – આ ગઢ છેને, એની પાસે ધૂળનો ઢગલો કરવા માંડો. જોજો, જે એક ધાબળી ધૂળ નાખે એને એક પાઈ, અને બે નાખે એને બે પાઈ આપીશ.’’

છોકરાંની જાત ! એક, બે, ત્રણ, ચાર...એમ કરતાં આખી શેરીનાં છોકરાં ભેળાં થયાં. એ તો ધાબળીએ ધાબળીએ માંડયાં ધૂળ નાખવા. ત્યાં તો બીજી શેરીનાં છોકરાં આવ્યાં, ત્યાં ત્રીજી શેરીનાં આવ્યાં...ને ત્યાં તો આખા ગામનાં છોકરાં આવ્યાં.

બિરબલ તો એકેક પાઈ આપતો જાય ને કહેતો જાય : ‘‘હમ્ મારા બાપા, હમ્ મારા બાપા – થાવા દ્યો !’’

છોકરાં એટલે તો કટક ! ઘડીક થઈ ત્યાં તો મોટો ઉકરડા જેવડો ઢગલો થઈ ગયો. ને બે ઘડી થઈ ત્યાં તો ધૂળનો ધફો ગઢકાંગરે પહોંચ્યો !

બિરબલ કહે : ‘‘હવે બધા ખૂંદીને કરો રસ્તા જેવું.’’

છોકરાંને તો એ જ જોઈતું હતું ! એ તો માંડયાં ખૂંદવા. ઘડીકમાં તો રસ્તો થઈયે ગયો. શેરીમાંથી ઠેઠ ગઢ ઉપર જવાય એવો રસ્તો બની ગયો !

બિરબલ કહે : ‘‘હવે બસ.’’

પછી બિરબલે હાથીથાનમાંથી એક હાથી મંગાવ્યો. હાથીના મહાવતને કહે : ‘‘આ રસ્તા ઉપરથી હાથીને ગઢ ઉપર ચડાવી દે.’’

રસ્તો બરાબર હતો, એટલે હાથી ગઢ ઉપર ચઢી ગયો. ગઢ ઉપર હાથી ઊંચે દેખાયો, બધાં જોઈ રહ્યાં.

બિરબલ કહે : ‘‘એલાં છોકરાંઓ ! આ ધફો હવે વીંખી નાખો ને ધૂળ બધી શેરીમાં પાછી પાથરી દ્યો. જેવું હતું તેવું કરી દ્યો. એક એક ધાબળી ને એક એક પાઈ !’’

છોકરાં તો ઊપડયાં. પાઈ લેતા જાય ને ધાબળી ધૂળ ફેંકતા જાય. છોકરાં મંડયાં પછી કેટલી વાર ?

ઘડીકમાં તો હતું તેવું થઈ ગયું. જાણે ધૂળનો ધફો હતો જ નહિ ! કોઈને ખબરેય ન પડે કે હાથી ગઢ પર શી રીતે ચડયો હશે.

બિરબલ કહે : ‘‘એલાં છોકરાંઓ ! હવે ચાલ્યાં જાઓ, હું બોલાવું ત્યારે પાછાં આવજો.’’

છોકરાં બધાં ચાલ્યાં ગયાં. બિરબલે બાદશાહને બોલાવ્યા. બાદશાહ તો ગઢ ઉપર હાથી જોઈને દિંગ જ થઈ ગયા !

બાદશાહ કહે : ‘‘ હેં બિરબલ ! આ હાથી ત્યાં શી રીતે ચડયો ?’’

બિરબલ કહે : ‘‘સાહેબ ! નાનાં છોકરાંએ ચડાવ્યો.’’

બાદશાહ કહે : ‘‘ શી રીતે ?’’

બિરબલે બધી વાત કરી. બાદશાહ ખુશ થયા. ખાધું–પીધું ને રાજ કર્યું – પણ પેલો હાથી નીચે ઊતર્યો કે નહિ ?

ઊતર્યો જ તો !

કેવી રીતે ?

પાછાં બિરબલે છોકરાંને બોલાવ્યાં ને ધૂળનો ઢગલો કરાવીને હાથીને હેઠે ઉતાર્યો.

વાહ, આ તો ભારે ગમ્મત !

■

downloaded from:prashantgavaniya.blogspot.in